**SARDAR PATEL UNIVERSITY**
**B.COM. (I Semester) EXAMINATION**
**Monday, 26th November 2012**
**2.30 - 4.30 pm**
**UB01CCOM02 : Accountancy - 1**

**નોંધઃ** ૧. જમણી બાજુ દર્શાવેલા આંકડા પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.
૨. જરૂર જણાય ત્યાં ગણતરી સ્પષ્ટ દર્શાવો.

**કુલ ગુણઃ ૬૦**

પ્ર.૧ અમન અને ચમન ૩ઃ૧ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે તેઓની પેઢીનું તા.૩૧-૧૨-૨૦૦૯ના રોજનું પાકુ સરવૈયું નીચે પ્રમાણે હતું. (૧૫)

**તા.૩૧-૧૨-૨૦૦૯ના રોજનું પાકુ સરવૈયું**

| મૂડી-દેવા | રકમ ` | મિલ્કત લેણા | રકમ ` |
|---|---|---|---|
| <u>મૂડીખાતા</u> | | જમીન-મકાન | ૫૨૦૦૦ |
| અમન - ૭૦૦૦૦ | | ફર્નિચર | ૨૦૦૦ |
| નમન - <u>૪૦૦૦૦</u> | ૧૧૦૦૦૦ | સ્ટોક | ૫૦૦૦૦ |
| પરચુરણ લેણદારો | ૮૦૦૦૦ | દેવાદારો | ૪૦૦૦૦ |
| દેવી હૂંડી | ૨૦૦૦૦ | લેણીહૂંડી | ૬૦૦૦ |
| | | રોકડ સિલક | ૬૦૦૦૦ |
| | **૨૧૦૦૦૦** | | **૨૧૦૦૦૦** |

તેઓ તા. ૧-૧-૨૦૧૦ના રોજ નીચેની શરતોએ 'મિલન'ને પેઢીમાં દાખલ કરવા સંમત થયા.

૧. મિલન નફામાં $^{૧}/_{૫}$ ભાગ મેળવશે અને તેના ભાગની મૂડી તરીકે `૨૫૦૦૦/- રોકડા લાવશે.
૨. તે પાઘડી તરીકે `૧૨૦૦૦/- રોકડા લાવશે જેમાંથી અડધી રકમ અમન અને નમન ઉપાડી જશે.
૩. સ્ટોક અને ફર્નિચર પર ૧૦% ઘસારો ગણો.
૪. દેવાદારો અને લેણી હૂંડી પર ૫% ઘાલખાધ અનામતની જોગવાઇ કરો.
૫. જમીન-મકાનમાં ૨૦% વધારો ગણો.
૬. પેઢી સામેના નુકશાન અંગેના દાવા માટે `૨૯૦૦/-ની જોગવાઇ કરો.
૭. પરચુરણ લેણદારો પર `૧૬૦૦/- વટાવ અનામતની જોગવાઇ કરો.

<u>તૈયાર કરો</u>ઃ ૧. નફા-નુકશાન હવાલાખાતુ ૨. ભાગીદારોના મૂડીખાતા
૩. નવી પેઢીનું પાકુ સરવૈયું

**અથવા**

પ્ર.૧ 'તીર્થ' અને 'કાવ્ય' ૨ઃ૧ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તા. ૩૧-૩-૨૦૧૧ના રોજનું પાકુ સરવૈયું નીચે મુજબ હતું. (૧૫)

**તા. ૩૧-૧૨-૨૦૧૧ના રોજનું પાકુ સરવૈયું**

| મૂડી-દેવા | રકમ ` | મિલ્કત લેણા | રકમ ` |
|---|---|---|---|
| <u>મૂડીખાતા</u> | | ફ્રિહોલ્ડ મિલ્કત | ૮૦૦૦૦ |
| તીર્થ - ૧૨૦૦૦૦ | | ફર્નિચર | ૨૪૦૦૦ |
| કાવ્ય - <u>૮૦૦૦૦</u> | ૨૦૦૦૦૦ | સ્ટોક | ૪૮૦૦૦ |
| સામાન્ય અનામત | ૯૬૦૦૦ | દેવાદારો | ૨૪૦૦૦૦ |
| લેણદારો | ૮૦૦૦૦ | રોકડ | ૮૦૦૦ |
| દેવી હુંડી | ૨૪૦૦૦ | | |
| | **૪૦૦૦૦૦** | | **૪૦૦૦૦૦** |

તેઓ તા.૧-૪-૨૦૧૧ના રોજ નીચેની શરતોએ ‘મીત’ને ભાગીદારીમાં પ્રવેશ આપ્યો.

૧. મિત `૭૮૦૦૦/- રોકડા લાવશે જેમાંથી `૩૬૦૦૦/- તેના ભાગની પાઘડી તરીકે ગણવા અને જે પેઢીમાં રાખી મુકવાના છે.

૨. તે નફામાં $^{1}/_{8}$ ભાગ મેળવશે.

૩. દેવાદારો પર ૫% ઘાલખાધ અનામત રાખવી.

૪. ફર્નિચર પર ૫% ઘસારો ગણો.

૫. સ્ટોકની કિંમત `૪૨૦૦૦/- ગણવી.

૬. મિતની મૂડીને આધાર તરીકે લઇ, જૂના ભાગીદારોની મૂડી તેઓના નવા નફા-નુકશાનના પ્રમાણમાં રાખવી. આ માટે જરૂરી હવાલા રોકડમાં નાખવા.

જરૂરી ખાતાઓ તથા મિતના પ્રવેશ પછીનું પાકુ સરવૈયું તૈયાર કરો.

પ્ર.૨ પ્રકાશ, અજય અને કુમાર ૪:૩:૩ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. (૧૫)
તા.૩૧-૩-૨૦૧૨ના રોજનું તેમનું પાકુ સરવૈયું નીચે મુજબ હતું.

**તા.૩૧-૦૩-૨૦૧૨ના રોજનું પાકુ સરવૈયું**

| મૂડી-દેવા | રકમ ` | મિલ્કત લેણા | રકમ ` |
|---|---|---|---|
| મૂડી | | મકાન | ૬૦૦૦૦ |
| પ્રકાશ - ૪૫૦૦૦ | | ફર્નિચર | ૩૫૦૦૦ |
| અજય - ૩૫૦૦૦ | | યંત્ર | ૨૮૦૦૦ |
| કુમાર - ૨૮૦૦૦ | ૧૦૮૦૦૦ | સ્ટોક | ૧૧૦૦૦ |
| નફા-નુકશાન ખાતુ | ૧૨૦૦૦ | દેવાદારો ૧૮૦૦૦ | |
| પ્રોવિડન્ટ ફંડ | ૧૦૦૦૦ | -ઘા.અના. ૩૦૦ | ૧૭૭૦૦ |
| બેંક લોન | ૭૦૦૦ | લેણી હુંડી | ૯૦૦૦ |
| દેવી હુંડી | ૧૨૦૦૦ | રોકડ સિલક | ૧૯૩૦૦ |
| લેણદારો | ૨૫૦૦૦ | | |
| ચૂકવવાનો બાકી પગાર | ૬૦૦૦ | | |
| | ૧૮૦૦૦૦ | | ૧૮૦૦૦૦ |

ઉપરોકત તારીખે નીચેની શરતોએ અજય નિવૃત્ત થયા.

૧. પ્રકાશ અને કુમાર સરખા પ્રમાણમાં નફો-નુકશાન વહેંચશે.

૨. કાયમી મિલ્કતોમાં ૨૦% વધારો કરો.

૩. દેવાદારો પર ૫% સુધી ઘાલખાધ અનામતમાં વધારો કરો.

૪. પેઢીની પાઘડીની કિંમત `૧૮૦૦૦/- આંકવામાં આવી જે નિવૃત્તિ બાદ માંડીવાળો.

૫. નવી પેઢીની કુલ મૂડી `૨૦૦૦૦૦/- રાખવી. આ મૂડી ભાગીદારોએ તેમના નવા નફા-નુકશાનના પ્રમાણમાં રાખવી. જરૂરી હવાલા રોકડમાં નાખવા.

૬. અજયની બાકી નીકળતી રકમમાંથી `૩૦૦૦૦/- પેઢીમાં લોન તરીકે રાખવા અને બાકીની રકમ રોકડમાં ચૂકવવી.

ઉપરની વિગતો પરથી જરૂરી ખાતા તથા અજયની નિવૃત્તિ બાદનું પાકુ સરવૈયું તૈયાર કરો.

**અથવા**

પ્ર.૨ અ) નફા-નુકશાન હવાલાખાતુ નમુના સહિત સમજાવો. (૦૮)

બ) નોંધ લખો. **(કોઈપણ બે)** (૦૭)

૧. ભાગીદારોના પ્રવેશ સમયે ભેગા થયેલ નફા કે નુકશાનની વહેંચણી

૨. નિવૃત્ત થતા ભાગીદારને ચૂકવવાની થતી રકમ

૩. ભાગીદારના પ્રવેશ સમયે પાઘડીની આમનોંધો.

૪. ભાગીદારની નિવૃત્તિ સમયે નવું નફા-નુકશાનનું પ્રમાણ.

પ્ર.૩ રાજ અને રવિ ૨:૧ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ તા. ૩૧-૧૨-૧૦ના રોજ પેઢીનું વિસર્જન કરવાનું નકકી કર્યુ જયારે પાકુ સરવૈયું નીચે પ્રમાણે મુજબ હતું. (૧૫)

**તા.૩૧-૧૨-૨૦૧૦ના રોજનું પાકુ સરવૈયું**

| મૂડી-દેવા | રકમ ` | મિલ્કત લેણા | રકમ ` |
|---|---|---|---|
| <u>મૂડી</u> | | જમીન-મકાન | ૬૪૦૦૦ |
| રાજ - ૬૮૦૦૦ | | યંત્ર | ૭૦૦૦૦ |
| રવિ - <u>૪૯૦૦૦</u> | ૧૧૭૦૦૦ | સ્ટોક | ૨૦૦૦૦ |
| રાજની લોન | ૪૦૦૦૦ | દેવાદારો ૨૫૦૦૦ | |
| સામાન્ય અનામત | ૩૦૦૦ | -ઘા.અના. <u>૧૦૦૦</u> | ૨૪૦૦૦ |
| લેણદારો | ૭૦૦૦૦ | લેણી હુંડી | ૩૪૦૦૦ |
| બેંકલોન | ૧૦૦૦૦ | રોકડ સિલક | ૨૨૦૦૦ |
| | | નફા-નુકશાન ખાતુ | ૬૦૦૦ |
| | **૨૪૦૦૦૦** | | **૨૪૦૦૦૦** |

<u>વધારાની માહિતી</u>:

૧. મિલ્કતોના નીચે પ્રમાણે ઉપજયાઃ
   જમીન મકાન `૮૦૦૦૦/-, દેવાદારો `૧૪૦૦૦/-, સ્ટોક `૧૦૦૦૦/-, લેણી હુંડી `૨૮૦૦૦/- .
૨. યંત્ર `૭૬૦૦૦/- માં રાજ લઇ ગયા.
૩. રવિ બેંકલોન ચૂકવવા સંમત થયા.
૪. લેણદારોને ચૂકતેના હિસાબે `૬૫૦૦૦/- ચૂકવ્યા.
૫. નહિ નોંધાયેલ એક મિલ્કતના `૧૦૦૦૦/- ઉપજ્યા.
૬. નહિ નોંધાયેલ જવાબદારીના `૫૦૦૦/- ચૂકવ્યા.
૭. વિસર્જન ખર્ચ `૧૨૦૦૦/- થયો.
   પેઢીના ચોપડા બંધ કરવા જરૂરી ખાતા તૈયાર કરો.

**અથવા**

પ્ર.૩ P, Q અને R અનુક્રમે ૩:૨:૧ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ તા.૩૧-૦૩-૨૦૧૦ના રોજ પેઢીનું વિસર્જન કરવાનું નકકી કર્યુ તે તારીખે પેઢીનું પાકુ સરવૈયું નીચેની માહિતી દર્શાવતુ હતું. (૧૫)

**તા.૩૧-૦૩-૨૦૧૦ના રોજનું પાકુ સરવૈયું**

| મૂડી-દેવા | રકમ ` | મિલ્કત લેણા | રકમ ` |
|---|---|---|---|
| <u>મૂડી</u> | | જમીન-મકાન | ૧૨૦૦૦૦ |
| P - ૧૯૦૦૦૦ | | યંત્ર | ૯૦૦૦૦ |
| Q - ૭૦૦૦ | | સ્ટોક | ૨૮૦૦૦ |
| R - <u>૩૦૦૦</u> | ૨૦૦૦૦૦ | રોકડ | ૧૧૦૦૦ |
| સામાન્ય અનામત | ૧૮૦૦૦ | પેટન્ટ | ૨૫૦૦ |
| લેણદારો | ૩૦૦૦૦ | | |
| દેવી હુંડી | ૩૫૦૦ | | |
| | **૨૫૧૫૦૦** | | **૨૫૧૫૦૦** |

અન્ય માહિતીઃ

૧. મિલ્કતોના નીચે પ્રમાણે ઉપજયાઃ
   જમીન મકાન `૧૦૦૦૦૦/-, યંત્ર `૮૦૦૦૦/-, સ્ટોક `૨૩૦૦૦/-.
૨. લેણદારોને ચૂકતેના `૨૬૫૦૦/- ચૂકવ્યા.
૩. એક જવાબદારી જે પેઢીના ચોપડે નોંધાયેલ ન હતી તેના `૫૦૦૦/- ચૂકવ્યા.
૪. વિસર્જન ખર્ચ `૩૦૦૦/- થયો.

ભાગીદાર Q અને R બંને નાદાર જાહેર થયા Qની અંગત મિલ્કતમાંથી રૂપિયે ૬૦ પૈસા લેખે અને Rની અંગત મિલ્કતમાંથી રૂપિયે ૪૦ પૈસા લેખે વસૂલ થયા.

પેઢીના ચોપડા બંધ કરવા જરૂરી ખાતા તૈયાર કરો તથા મૂડી તૂટની ગણતરી દર્શાવી તે અંગેની આમનોંધ પણ લખો.

પ્ર.૪ શ્રધ્ધા, આશા અને વિશ્વાસ અનુક્રમે ૫:૩:૨ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ તા.૩૧-૧૨-૨૦૧૧ના રોજ પેઢીનું વિસર્જન કરવાનું નકકી કર્યું તે તારીખે પેઢીનું પાકુ સરવૈયું નીચે મુજબની માહિતી દર્શાવે છે.

**તા.૩૧-૧૨-૨૦૧૧ના રોજનું પાકુ સરવૈયું**

| મૂડી-દેવા | રકમ ` | મિલ્કત લેણા | રકમ ` |
|---|---|---|---|
| <u>મૂડી</u> | | મકાન | ૮૦૦૦૦ |
| શ્રધ્ધા - ૫૫૦૦૦ | | યંત્ર | ૫૦૦૦૦ |
| આશા - ૨૫૫૦૦ | | ફર્નિચર | ૨૦૦૦૦ |
| વિશ્વાસ - <u>૨૦૦૦૦</u> | ૧૦૦૫૦૦ | સ્ટોક | ૧૮૦૦૦ |
| કારીગર અકસ્માત | | રોકડ | ૧૫૦૦૦ |
| વળતર ભંડોળ | ૩૫૦૦૦ | | |
| આશાની લોન | ૧૭૫૦૦ | | |
| બેંકલોન | ૧૦૦૦૦ | | |
| લેણદારો | ૨૦૦૦૦ | | |
| | **૧૮૩૦૦૦** | | **૧૮૩૦૦૦** |

મિલ્કતોના નીચે પ્રમાણે હપ્તામાં ઉપજ્યાં

હપ્તાઃ પહેલો `૨૫૦૦૦/-, બીજો `૩૫૦૦૦/-, ત્રીજો `૨૩૦૦૦/-, ચોથો `૧૮૦૦૦/-

વિસર્જન ખર્ચ અનામત પેટે `૩૦૦૦/- અલગ રાખો જે ખરેખર થયો અને ચકવ્યો.

'મૂડી વધારાની પદ્ધતિ' એ ભાગીદારો વચ્ચે રોકડની હપ્તે હપ્તે વહેંચણી દર્શાવતુ પત્રક તૈયાર કરો.

**અથવા**

પ્ર.૪

(અ) કરુણા, આસ્થા અને પ્રેરણા અનુક્રમે ૩:૨:૧ના પ્રમાણમાં નફો-નુકશાન વહેંચતા ભાગીદારો છે. તેઓએ તા.૩૧-૩-૨૦૧૨ના રોજ પેઢીનું વિસર્જન કરવાનું નકકી કર્યું તે દિવસે પેઢીનું પાકુ સરવૈયું નીચે મુજબ પરિસ્થિતિ દર્શાવે છે. (૧૦)

**તા.૩૧-૩-૨૦૧૨ના રોજનું પાકુ સરવૈયું**

| મૂડી-દેવા | રકમ ` | મિલ્કત લેણા | રકમ ` |
|---|---|---|---|
| <u>મૂડી</u> | | પરચુરણ મિલ્કતો | ૯૦૦૦૦ |
| કરુણા - ૨૫૦૦૦ | | રોકડ | ૧૦૦૦૦ |
| આસ્થા - ૨૦૦૦૦ | | નફા-નુકશાન ખાતુ | ૧૨૦૦૦ |
| પ્રેરણા - <u>૧૩૦૦૦</u> | ૫૮૦૦૦ | | |
| કરુણાની લોન | ૮૦૦૦ | | |
| સામાન્ય અનામત | ૨૪૦૦૦ | | |
| લેણદારો | ૨૨૦૦૦ | | |
| | **૧૧૨૦૦૦** | | **૧૧૨૦૦૦** |

મિલ્કતોના નીચે પ્રમાણે હપ્તામાં ઉપજ્યાં

હપ્તા પહેલો `૨૦૦૦૦/-, બીજો `૨૪૦૦૦/-, ત્રીજો ` ૨૨૫૦૦/-.

વિસર્જન ખર્ચ અનામત પેટે `૪૦૦૦/- અલગ રાખો. ખરેખર વિસર્જન ખર્ચ `૨૫૦૦/-થયો.

મહત્તમ નુકશાનની પદ્ધતિએ ભાગીદારો વચ્ચે રોકડની હપ્તે હપ્તે વહેંચણી દર્શાવતુ પત્રક તૈયાર કરો.

(બ) 'મૂડી વધારાની પદ્ધતિ' પર નોંધ લખો. (૦૫)